An International Multidisciplinary Journal
अनन्यशास्त्रम्™
(A Unique Treatise of Knowledge)
ISSN:3049-3927 (Online)
Volume: 01 | Issue: 02 | August: 2025
Research Article

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
Peer-Reviewed | Refereed | Open Access Journal
DOI: https://doi.org/10.64328/aimjv01i02077

# મધ્યકાળના નિર્ગુણમાર્ગી સંત શ્રી નિરાંત મહારાજ

ડૉ.રાકેશ રાવત*

## સારાંશ

માધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નિરાંત કાવ્ય અને નિરાંત સંપ્રદાય વિશે નોંધ લેવાયેલ નથી. પ્રસ્તુત આલેખમાં શ્રી નિરાંત મહારાજના સમયની સામાજિક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિનું ચિત્ર દર્શાવ્યું છે. નિરાંત મહારાજનું જીવન-કવન, સંપ્રદાય અને તેમનું સાહિત્ય, નિરાંતનો પંચશીલનો સિંદ્ધાંત, ગુરુભક્તિનો મહિમા તેમનું આત્મદર્શન અને સાંપ્રત સમયમાં નિરાંત સપ્રદાયની સ્થિત વિશેના નિર્દેશો આપ્યા છે.

**ચાવીરૂપ શબ્દો** : ભવસાગર-સંસારરૂપી સાગર, નુગરો-સાકુટ, આતમ-આત્મા, નિર્ગુણ-નિરાકાર, અખિલ-સમસ્ત

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઊદ્ભવ અને વિકાસ ધર્મ, જ્ઞાન, ભક્તિ અને બોધના પાયા પર થયો હતો. ચૌદમી સદીમાં ગુજરાત પર થયેલા વિદેશી અને વિધર્મી મુસ્લિમ શાસકોના આક્રમણો તથા દમનના પ્રત્યાઘાત રૂપે આ સાહિત્ય પ્રવાહિત થયું હતું. સોમનાથના પરાજય અને ગુજરાતને ભોગવવી પડેલી મુસીબતોએ પ્રજાને ધર્મ અને સંસ્કૃતિના સંરક્ષણ તરફ દોરી, જેના પરિણામે ધાર્મિક પ્રવૃત્તિઓ તેમના જીવનનું મુખ્ય કેન્દ્ર બની ગઈ.

આ સમયગાળા દરમિયાન, હિન્દુ-મુસ્લિમ અને તેમની અનેકવિધ શાખાઓના સંપર્કમાં આવવાથી નાનાવિધ અસંખ્ય ધર્મસંપ્રદાયો વિકસ્યા. આમાં જૈન, ભાગવત, શક્તિ, શિવ, વૈષ્ણવ, સ્વામિનારાયણ, કબીરપંથ, કેવળજ્ઞાન, અને નિરાંત સંપ્રદાય જેવી વિવિધ સંત પરંપરાઓનો સમાવેશ થાય છે. વિદ્વાનોના મતે, ભારતીય સંત સાહિત્યનો પ્રારંભ કબીરસાહેબથી થયો હોવાનું મનાય છે, અને આ પરંપરામાં નિર્ગુણમાર્ગી સંતોનું આગવું સ્થાન રહ્યું છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ધાર્મિક અને જ્ઞાન-આધારિત હતું, અને શ્રી નિરાંત મહારાજ આ પરંપરાના એક અગ્રણી નિર્ગુણમાર્ગી સંત હતા.

## નિરાંત મહારાજના સમયની રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિ

નિરાંત મહારાજ ઉત્તરમધ્યકાળના, નિર્ગુણમાર્ગી ધર્મસાધનાના સંતકવિ છે. તેમનો સમય અઢારમી અને ઓગણીસમી સદીની વચ્ચેનો રહ્યો છે. તેમનો જન્મ ઈ.સ. ૧૭૪૭ માં અને નિર્વાણ ઈ.સ. ૧૮૫૨માં થયું હતું. તેઓ રવિસાહેબ, સ્વામી સહજાનંદ, પ્રીતમ, ધીરો, સંત ભોજલરામ અને દયારામના સમકાલીન હતા. તત્કાલીન ગુજરતનું સમાજજીવન સર્વક્ષેત્રે અંધકારમાં સબડતું હતું. ત્યારે આ સંતકવિઓએ, પોતાના જીવન અને કવન વડે સમાજ જીવનને સતત પ્રકાશિત રાખવાનો પ્રયાસ કર્યો હતો. જ્ઞાન, ભક્તિ અને ઉપદેશ વડે પ્રજાજીવનને

**લેખક સંપર્ક:** ડૉ. રાકેશ રાવત, ભાષા શિક્ષક, આણંદ હાઈસ્કૂલ, આણંદ, ગુજરાત, ભારત.,

Email: rakeshravat19182@gmail.com, ORCID: https://orcid.org/0009-0003-4312-3369

© 2025 Author(s). Published by Young India Publication, Gandhinagar, Gujarat, India

**ANANYAŚĀSTRAM:**
*An International Multidisciplinary Journal*
*(A Unique Treatise of Knowledge)*
ISSN : 3049-3927(Online)

સતત પોષણ આપી પરિપ્લાવિત કર્યું હતું અને એટલે જ તો વિદ્વાનો એ આ નિગુર્ણમાર્ગી સંતકવિઓને ભારતીય સંસ્કૃત્તિના વિવેક વણજારા કહ્યા છે.

નિરાંત મહારાજના કવનનો વિષય નિર્ગુણનિરાકાર અને માનવધર્મનો રહ્યો છે. તે અંતર્ગત જ્ઞાન, ભક્તિ, ઉપદેશ, વૈરાગ્ય અને નિવૃત્તિમાર્ગનો મહિમા તેમણે ગાયો છે. નિરાંત મહારાજનું કવિ કર્મ અને સમાજ પ્રત્યેનું તેમનું ઉત્તરદાયિત્ત્વ ધ્યાનાર્હ છે. પ્રસ્તુત લેખમાં નિરાંતના પૂર્વકાલીન અને સમકાલીન સમાજજીવનના સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થિતિને અભિવ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે. જે નીચે પ્રમાણે છે :

*'આવી છે નિરાંત દેશની ફોજ રે કોઈ શુરા જાગો,*
*રહેણીના રથ કીધા તૈયાર કરે કોઈ શુરા જાગે.'*

નિર્ગુણમાર્ગી સંત-કવિઓ પોતાની કીર્તિ કે યશ પ્રાપ્ત કરવા સાહિત્ય સર્જતા ન હતા. પરંતુ તેમને લાધેલું જ્ઞાન સમાજના સર્વ કોઈને ઉપયોગી થાય. માનવમાત્રનું કલ્યાણ થાય, તે હેતુથી તેઓ પોતાના પદ્યો વડે, તેમના દર્શનને પ્રસ્તુત કરતા હતા. નિર્ગુણમાર્ગી સંતો વર્ણવ્યવસ્થા અને જાતિ વ્યવસ્થાના ભારોભાર વિરોધી હતા. નિરાંત મહારાજના કાવ્યોમાં તત્કાલીન સમાજની તાસીર પ્રગટ થાય છે. તેમના સમયનો પરિવેશ તેમાં ઝીલાયો છે. ઉત્તર મધ્યકાળના ગુજરાતના લોકજીવનના સંકેતો તેમના સાહિત્યમાં દષ્ટિગોચર થાય છે. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી પરંપરામાં જેમ અખાની શિષ્ય પરંપરા છે તેમ ઉતર મધ્યકાળમાં નિરાંત મહારાજની શિષ્ય પરંપરા ઊદ્ભવી છે. તેમાં દયાળદાસ, મંછારામ, બાપુ સાહેબ ગાયકવાડ, ગોવિંદરામ, રણછોડરામ જેવા મહત્વના શિષ્યો હતા. આ સર્વે શિષ્યોની પરંપરા પણ વિકસી છે. તેઓએ નિરાંત મહારાજની નિર્ગુણ જ્ઞાન ભકિતનો પ્રચાર અને પ્રસાર સારા પ્રમાણમાં કર્યો છે. બાપુ સાહેબ ગાયકવાડ નિર્ગુણ નિરાંત નામનો મહિમાં ગાતા કહે છેઃ

*'નિરાંતનું નામ અલ્યા જુગોજુગ વાગી ગયું,*
*બાપુ તેની નાતજાત ખોળજઈ ભાત રે.*

તે સ્થિતિગતિના વાતાવરણમાં નિરાંત મહારાજના પ્રભાવથી કેટલાયે લોકો જ્ઞાતિ-જાતિના ભેદ-ભાવ ભૂલી, ખોટા અહંકાર અને ગર્વથી વિમુકત થઈ, નિરાંત મહારાજના શરણે ગયા હતા. પ્રાચીન કાવ્યમાળાના ગ્રંથ-૧૦ નિરાંત કૃત કવિતામાં લખ્યું છેઃ 'નિરાંત સ્વભાવે સ્વતંત્ર અને શાંત હતા. તેમનું મન ઉદાર હતું. પારકાનું મન જાળવવામાં તેઓ પૂરા વિવેકી હતા. જે શંકા કાઢે તેનું પોતે શાંત અને ગંભીરપણે સમાધાન કરતાં. તેઓ સઘળાને સમાન ગણતા. કેમ કે, આત્મા-પરમાત્મામાં ભેદ ન ગણનારને સધળા સમાન જ લાગે. જયારે કોઈ એમને પંથ ચલાવવા કહે કે આગ્રહ કરે, ત્યારે તેઓ કહેતા કે 'વાડો તો બકરાંને જોઈએ ! સિંહને કંઈ વાડાની જરૂર નથી !

શ્રી નિરાંત મહારાજનો કવનકાળ (આશરે ઈ.સ. ૧૭૪૭-૧૮૫૨) ગુજરાતના ઇતિહાસમાં એક સંક્રાંતિકાળ હતો. આ સમય મોગલ સત્તાના અંત અને મરાઠા સત્તાના વધતા પ્રભાવનો સાક્ષી બન્યો. રાજકીય રીતે, ગુજરાતમાં વ્યાપક અંધાધૂંધી અને અરાજકતા પ્રવર્તતી હતી. રાજ્યો વિખરાયેલા હતા અને શાસકો સુશાસન પ્રદાન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ રાજકીય અસ્થિરતાને કારણે સામાન્ય પ્રજાનું જીવન અત્યંત યાતનામય બન્યું હતું. ખેડૂતો, મજૂરો અને કારીગરોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી.

નિરાંત કહે છે કે,

*'એ જ વખત એક આવીઉં નિરાંત નામે નાવ,*
*રણછોડે સઢ છોડીયો, અરજુન ધરીયો પાવ."*

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

## ગુરુપ્રાપ્તિ અને સગુણ ભક્તિમાંથી નિર્ગુણ ભક્તિ તરફનું પરિવર્તન

શ્રી નિરાંત મહારાજ જેવા નિર્ગુણમાર્ગી સંતોએ આવા સમયે બાહ્ય કર્મકાંડ અને સામાજિક ભેદભાવને પડકારીને આંતરિક શુદ્ધિ અને સમાનતાનો સંદેશ આપ્યો, જે પીડિત પ્રજા માટે વધુ સુલભ અને આકર્ષક હતો. તેમણે પોતાની જ્ઞાનપ્રધાન કવિતા અને ઉપદેશો દ્વારા સમાજને શાંતિ અને સ્વસ્થતાનો માર્ગ બતાવ્યો અને પ્રવર્તતી અંધશ્રદ્ધા તથા અરાજકતાનો વિરોધ કર્યો. નિરાંત મહારાજનું કવન તત્કાલીન સમાજનું પ્રતિબિંબ છે, અને તેમના ઉપદેશો માત્ર આધ્યાત્મિક જ નહીં, પણ સામાજિક સુધારણાના પ્રયાસો પણ હતા. આ દર્શાવે છે કે સંત પરંપરાઓ માત્ર ધાર્મિક જ નહીં, પણ સામાજિક અને નૈતિક નેતૃત્વ પણ પૂરું પાડતી હતી, જે મધ્યકાલીન ભારતમાં સ્થિરતા અને સુધારાના બળો તરીકે કાર્ય કરતી હતી.

નિરાંત મહારાજે તત્કાલીન સમયમાં પ્રચલિત એવા વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં પોતાની અનુભૂતિને પ્રગટ કરી છે. આ સાહિત્ય સ્વરૂપોમાં સાખી, ધોળ પ્રકારના પદ-ભજન, છપ્પા, કુંડળિયાઃ પદ્યપત્રો, સાતવાર, તિથિઓ, બારમાસ, રેખતા, ઝૂલણા, સવૈયા અને પદ્યકથાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બે દીર્ધકૃતિઓમાં યોગ-સાંખ્ય ઐકયમાં નિગુર્ણમાર્ગી ધારાના વિચારોને અભિવ્યકત કર્યા છે.

મધ્યકાલીન ગુજરાતી સંતસાહિત્યમાં 'અવતારખંડન' નામે સ્વતંત્ર રચનાઓ જે કોઈએ આપી હોય તો તે સંત નિરાંત મહારાજે જ આપી છે. અલબત કેટલાક સંતકવિઓએ વિષ્ણુભગવાનના પરંપરિત અવતારોનો નિષેધ કર્યો છે. પણ સ્વતંત્ર રચનાઓનો પ્રશ્ન છે ત્યાં સુધી તો નિરાંત મહારાજનું જ નામ ગણાવું. જોઈએ આ તમામ રચનાઓમાં એક પછી એક અવતારોનું ચિત્રણ થયું છે.તેમાં ખંડનાત્મક રીતે અભિવ્યકિત કરવામાં આવી છે. પરંતુ ઈશ્વરનો ઈન્કાર કર્યો નથી નિરાંત નિર્ગુણ માર્ગી છે. તેથી ઈશ્વરને રૂપ, રંગ કે આકાર નથી તેમ માને છે. પરમતત્વ તો સચરાચરમાં વ્યાપ્ત છે. ને તેથી તે સર્વત્ર વિલસી રહયો છે. એ પ્રકારની અનુભૂતિની અભિવ્યકિત અહીં કરી છે. પ્રસ્તુત દશ અવતારોનું અહીં ખંડન કર્યું છે. તેમાં વારાહઅવતાર, બળરામઅવતાર, કૃષ્ણ અવતાર, રામ અવતાર, પરશુરામ અવતાર અને વામન અવતારનો સમાવેશ થાય છે. અહીં તમામ રચનાઓ દશ-દશ પંકિતમાં રચી છે. પદ પ્રકારમાં સમાવેશ કરી શકાય તેવી આ રચના ઓ છે. તેમાં ઉત્તમ પદાવલી ની સાથે પ્રાસ ને પણ સહજ રીતે સુંદર વિનિયોગ થયો છે. પ્રથમ પદ 'વરાહ અવતાર'નું છે. તેમાં અભિવ્યત કથનાત્મક છે. શ્રોતાઓને ઉદ્દેશીને કહેવાયેલી આ રચના સુંદર કાવ્ય બને છે, તે, જુઓ-

*'વાત કે'વી અવતારની, સુણો શ્રોતા આજ,*
*નિંદા તો મેં નવ કરું, લાગે ગુરુ કો લાજ,*

નિરાંત મહારાજની ભાષા સરળ છે. તેમાં કયાંય કૃત્રિમતા જેવા મળતી નથી પ્રાચીન કાવ્ય માળાના સંપાદકએ નિરાંત કૃત કવિતાના ગ્રંથ વિવેચન અંતર્ગત લખ્યું છેઃ ભોજે અને બાપુ સાહેબ બે બ્રહ્મજ્ઞાની કવિઓને ગ્રંન્થો પાછળ પ્રકટ કરેલા છે. તેના જ જેવો આ પણ બ્રહ્મજ્ઞાની કવિનો કરેલો ગ્રન્થ છે.બાપુસાહેબ ગાયકવાડના ચરિત્રમાં લખ્યું છે કે, નિરાંત એ બાપુ સાહેબના ગુરુ હતા. તે બાબત આ ગ્રન્થ માંથી સિધ્ધ થાય છે.કેમકે નિરાંત આ ગ્રન્થમાં એક ઠેકાણે બાપુને સંબોધન કરીને કેટલાક પદ લખ્યા છે.

શ્રી નિરાંત મહારાજની આધ્યાત્મિક યાત્રા સગુણ ભક્તિથી શરૂ થઈ હતી. શરૂઆતમાં તેઓ રણછોડજીના પરમ ભક્ત હતા અને દર પૂનમે હાથમાં તુલસી લઈને ડાકોર જવાનો નિયમ પાળતા હતા. તેમની આધ્યાત્મિક યાત્રામાં એક મહત્વપૂર્ણ વળાંક ત્યારે આવ્યો જ્યારે એક વખતે રસ્તામાં મિંયાસાહેબ કે અમન સાહેબ નામના એક મુસ્લિમ સંતે તેમને એકેશ્વરવાદનો ઉપદેશ આપ્યો. આ ઉપદેશથી પ્રભાવિત થઈને તેઓ તેમને ગુરુ માનવા લાગ્યા. નિરાંત સંપ્રદાયની માન્યતા અનુસાર, તેમણે પ્રથમ ઉપદેશ કણઝટના રામાનંદી સાધુ ગોકળદાસ પાસેથી લીધો હતો. ત્યારબાદ તેઓ દંડીસ્વામી નામના ગુરુના ઉપદેશ બાદ સગુણ ભક્તિમાંથી નિર્ગુણ ભક્તિ તરફ દોરાયા. આ પરિવર્તન પછી તેમણે 'નિરાંતપદ'ની પ્રાપ્તિ કરી અને 'નિરાંત' ઉપનામથી ગુરુપદ તથા સાહિત્યસર્જન આરંભ્યું. તેમના પર વૈષ્ણવભક્તિ અને સૂફીધારાની ચિસ્તીશાખાનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળે છે.

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

## નિર્ગુણમાર્ગી તત્વજ્ઞાન અને ઉપદેશો

સતત પરિભ્રમણને કારણે તથા કેટલાંક સંતો/ભકતોના સંસર્ગે પણ તેમની ભાષામાં ધણા શબ્દોનું ભરણું થયું છે. અમન સાહેબને ગુરુકર્યા પછી તેમના સંપર્ક-સત્સંગે તેમની ભાષામાં અરબી-ફારસી શબ્દોની બહુલતા ધ્યાન ખેંચે છે. પાપ, પૂણ્ય, જયોતિરૂપા, ગાયત્રી, અમૃતા જ્ઞાન, બ્રહ્મ, મૃગ, જીવન, સંગતિ, પરમતત્વ, અખિલ, અવિનાશી, નિર્મલ, પરમ, પુરૂષ, પ્રકૃતિ, પરિવાર, દર્શન, આદિ, અંત, મધ્ય, વિવેક, અહિંસા, ધર્મ, દોષ, અગ્નિ-આ બધા તત્સમ શબ્દો નિર્ગુણ પરંપરાના અંત કવિઓમાં કબીર સાહેબના સમયથી જોવા મળે છે. જે નિરાંતની ભાષામાં પણ દષ્ટિગોચર થાય છે.

આ નિરાંત સંપ્રદાયના સંત કવિઓનું સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં છે. નિરાંત મહારાજ એક પ્રતિભાવંત પુરૂષ હતા. તેનું આ પ્રમાણ ગણાવું જોઈએ. તેઓ પૂર્વાશ્રમમાં 'પૂનમિયા ભગત' તરીકે સુખ્યાત થયેલા. હાથમાં તુલસીનો છોડ રાખી દર પૂનમે ડાકોર દર્શન જતા. એટલે તેમના સાહિત્યમાં સગુણધારા પણ જોવા મળે છે. ડાકોરના રસ્તે જ એક વાર કોઈ નિર્ગુણ માર્ગી સંતનો ભેટો થતા તેઓના સત્સંગથી નિગુર્ણમાર્ગી થયા. એ રીતે તેમના સાહિત્યનો મોટો ભાગ નિગેર્ણ પરંપરનો જેવા મળે છે.

સંત સાહિત્યમાં નરસિંહ એના પ્રભાતિયાંથી, અખો છપ્પાથી, દયારામ ગરબીઓથી, ભોજે ચાબખાથી, ધીરે કાફીઓથી એમ નિરાંત એમના પદોથી વિશેષ જાણીતા થયા છે. નિરાંત મહારાજે પોતાના પદો દ્વારા જ્ઞાન-કભકિતનો સંદેશ વહેતો કર્યો. આ પદોમાં કાફી, ગરબા-ગરબી, ઝૂલણાં, વસંત, ધુમાર, પ્રભાત, ધોળ ઈત્યાદિનું આલેખન થયું છે. તેમના પદોમાં સગુણની સાથે નિગુર્ણભકિત પણ જોવા મળે છે. બારમાસ જેવા પદોમાં નિગુર્ણનાવલિયાનો વિરહ સ્પષ્ટ દેખાય છે. તેમના પદોમાં ધોળ અને કાફી તેમજ કેટલીક પ્રાસંગિક રચનાઓ દષ્ટિ ગોચર થાય છે. એજ રીતે કેટલાક પદ ભજન ના પરંપરરિત રાગ, તાલ અને ઢાળમાં રચાયેલા છે. સૈપ્રથમ તેમના પદો રહેલું કાવ્યાત્મક સૈદર્ય જોઈએ–

**સાતવાર આધારિત પદોઃ** કવિ નિરાંત કૃત 'સાતવાર' ધરાવતી પદ્યરચનાઓ વિશિષ્ટ છે. આ રચનાઓમાં દરેક વાર પ્રમાણે કવિએ તત્વદર્શી વિચાર અને મહત્વ પ્રકટ કર્યું છે. રવિવાર (આદિતવાર) સૂર્યનારાયણનું મહત્વ દર્શાવે છે, જે આત્માનો કારક છે. સોમવાર ચંદ્રનો વાર છે, જેને 'સમરૂપ' અને 'નિર્વાણરૂપ' કહે છે. મંગળવાર મંગળકારી કાર્યોનો વાર અને અગ્નિતત્વનો કારક છે. બુધવાર બાવન અક્ષરનો વાર છે, જે મનુષ્યને અજ્ઞાનતાના અંધકારમાંથી બહાર લાવે છે. ગુરુવાર ગુરુનો મહિમા દર્શાવે છે, ગુરુવિના મનુષ્યજીવનનો ઉદ્ધાર નથી. શુક્રવાર સુકાર્ય કરવાનો વાર છે, જેમાં પળેપળ હરિનામનું સ્મરણ-ધ્યાન ધરી સંસારના કાર્યો નિષ્કામ ભાવે કરી પરમાર્થ સાધવાનો છે. શનિવાર પરબ્રહ્મ સ્વરૂપને પૂર્ણ સ્વરૂપ તરીકે દર્શાવે છે.

**આત્મજ્ઞાનને સમર્પિત કરતા પદોઃ** કવિ નિરાંત કૃત આત્મજ્ઞાનના પદોમાં તેમનું આત્મા-પરમાત્માનું તત્વજ્ઞાન અનન્ય છે. આત્મજ્ઞાનીને ક્યારેય માયાનું આવરણ અડતું નથી. આત્મા સ્વયંનો સાક્ષી હોઈ, કર્મથી પર હોઈ કોઈ વિરલો જ તેને જાણી શકે. નિરાંતે કહ્યું છેઃ

*"નામ વિનાની વસ્તુ નિરખે,*
*એ અનુભવનો વિવેક મુક્ત પદ માણે રે,*
*દ્વૈતભાવ તેનો ગયો".*

તેમણે 'કોન કરાવે જગ હાંસી' પદમાં ઠગી સાધુ, દંભી સંન્યાસી, અને જૂઠા તપસ્વીઓની ટીકા કરી છે. નિરાંતે સૂચવ્યું છેઃ "પોતે પોતાનો કરવો વિચાર, નિરખ નિરંજન નામ રે" કહી પોતાની ભીતર રહેલા આત્મતત્વને ઓળખી તેને જ પૂજવાની વાત કરી છે. તેમણે કર્મથી વિમુખ થવાનું નથી કહ્યું, પરંતુ કર્મ કરીને પણ અકર્મ ધારણ કરી શકાય તેવું સૂચવ્યું છેઃ

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

*"હરતાં ફરતાં ધંધો કરતાં, ધ્યાન હરિનું ધરવું રે.*
*નિરાંત કહે નિષ્ઠાનું ફળ છે, અધર્મથી ઓસરવું રે.".*

નિરાંતે 'જીવન મુક્ત પુરુષ' તેને કહ્યો છે જે જીવતેજીવત મન, કર્મ, વચનથી મુક્ત હોય. નિરાંત મહારાજના સાહિત્યમાં અરબી-ફારસી શબ્દોનો ઉપયોગ અને મુસ્લિમ સંતોનો પ્રભાવ તેમના નિર્ગુણ માર્ગના સર્વગ્રાહી સ્વરૂપને દર્શાવે છે. આ ધાર્મિક સમન્વય તત્કાલીન સામાજિક-ધાર્મિક વાતાવરણમાં શાંતિ અને સહિષ્ણુતા સ્થાપવામાં મદદરૂપ થયો હશે. બાહ્યાચારોનો તેમનો વિરોધ એ સમયની સામાજિક બદીઓ અને ધાર્મિક કટ્ટરતા સામેનો પ્રત્યક્ષ પડકાર હતો. નિરાંત મહારાજનું તત્વજ્ઞાન અને સાહિત્યિક શૈલી મધ્યકાલીન ગુજરાતી સંત સાહિત્યમાં એક અનન્ય સ્થાન ધરાવે છે. તેમની દ્વિભાષી રચનાઓ (ગુજરાતી અને હિન્દી) દર્શાવે છે કે સંતો ભાષાકીય સીમાઓથી પર રહીને જ્ઞાનનો પ્રસાર કરતા હતા, જે તેમની વાણીને વ્યાપક શ્રોતાઓ સુધી પહોંચાડવામાં મદદરૂપ થયું.

## પ્રભાવ અને દીર્ઘકાલીન અસર

નિરાંત મહારાજનું કાર્ય દર્શાવે છે કે સાહિત્ય અને આધ્યાત્મિકતા કેવી રીતે સામાજિક પરિવર્તન અને સ્થિતિસ્થાપકતાના સાધનો બની શકે છે. તેમના નિર્ગુણ માર્ગ, જે બાહ્ય કર્મકાંડને બદલે આંતરિક શુદ્ધિ અને સમાનતા પર ભાર મૂકે છે, તે આજે પણ સુસંગત છે અને આધુનિક સમાજમાં પણ આધ્યાત્મિક માર્ગદર્શન પૂરું પાડી શકે છે. નિરાંત સંપ્રદાય આજે પણ નિરાંત મહારાજના જ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરી રહ્યો છે, જે તેમના ઉપદેશોની દીર્ઘકાલીન અસર અને પ્રભાવનો પુરાવો છે. તેમણે અંધાધૂંધીભર્યા સમયમાં સમાજને શાંતિ અને સ્વસ્થતાનો માર્ગ બતાવ્યો, જે તેમનો કાયમી પ્રભાવ છે.

*'નિરાંત નૌકા નામકી તામેં બેસી આય,*
*પાર પહોંચાડે પલકમેં બહોરન ફેરા ખાય.'*

મધ્યકાળની સંત-ભક્તવાણીમાં ગુરુનું ઘણું મહત્વ છે.ગુરુને સાક્ષાત પરિબ્રહ્મ કહેવાયો છે. જિજ્ઞાસુ જીવને પરમના દર્શન કરવા છે. પણ માર્ગ કળતો ન હોય, ત્યારે ગુરુતેનો હાથ ઝાલે છે.ને,જે ઉપકાર કર્યો તેનો બદલો ઉપકારથી આપવો જોઈએ ને ? એટલે ગુરુની સ્તુતિ કરતા પદ-ભજન એ મધ્યકાળના સંતસાહિત્યની મોંઘી મિરાત છે. પરમાતત્ત્વના દર્શન કરવાછે. પણ તેની ચાવી ગુરુપાસે છે. ગુરુતાળાં ખોલે તો નિજ અંતર બોલે. સંતપરંપરામાં ગુરુમાહાત્મ્ય સૌથી વિશેષ છે. ગુરુની કૃપા વગર બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી ગુરુના માર્ગદર્શન વિના મુકિત મળતી નથી આત્મા અને પરમાત્મા વચ્ચે અજ્ઞાનનું જે અંધારું છે, તે ગુરુની કૃપાથી જ દૂર થાય છે. ગુરુનો મહિમા પરમાત્મા થી પણ મોટો માનવામાં આવે છે.

*'હરિને મેળવાનો આવ્યો અવસર, ઊંગે અમથો ખોયો રે,*
*વાશીદામાં ગયું મૂશળું, જૂઠુ જનમ વગોવ્યો રે.'*

## વર્તમાન સમયમાં સંપ્રદાયની ગતિવિધિ અને સ્થિતિ

નિરાંત સંપ્રદાય આજે પણ સત્સંગ, ભજન, અને ગુરુવાણીના પ્રચાર દ્વારા સક્રિય છે. "નિરાંત સ્ટુડિયો" જેવી સંસ્થાઓ યુટ્યુબ ચેનલો દ્વારા તેમના ઉપદેશો અને ભજનોને ડિજિટલ માધ્યમથી વ્યાપક જનતા સુધી પહોંચાડી રહી છે. આધુનિક ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ દર્શાવે છે કે કેવી રીતે પ્રાચીન આધ્યાત્મિક પરંપરાઓ વર્તમાન સમયમાં પણ સુસંગત રહી શકે છે અને નવા માધ્યમો દ્વારા પોતાનો પ્રભાવ જાળવી શકે છે. આ પરંપરાની સ્થિતિસ્થાપકતા અને અનુકૂલનક્ષમતા દર્શાવે છે.

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

વર્તમાન સમયમાં નિરાંત સંપ્રદાયની ગતિવિધિ, સ્થિતિ, તેમજ નિરાંત મહારાજના સાહિત્યમાં પ્રગટ થતા વિચારો, સિદ્ધાંતો અને ઉપાસના પદ્ધતિનો અભ્યાસ શૈક્ષણિક સંશોધનનો વિષય બન્યો છે. આ સંપ્રદાય નિરાંત મહારાજના જ્ઞાન અને ઉપદેશોને જીવંત રાખવામાં અને ભાવિ પેઢીઓ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે.

## સંદર્ભ:

કવિ નિરાંત કૃત કાવ્ય- દર્શન અને સંપ્રદાય  ડૉ.નાથાલાલ ગોહિલ

નિરાંત મહારાજ :જીવન અને કવન- એક અધ્યયન  ડૉ.અમરસિહ સોસા

મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા ડૉ.બળવંત જાની

શ્રી નિરાંત સુધાસાગર નરભેરામ માલોસણ